રજુ    તારીખ : ૨૫-૦૨-૨૦૨૬
દાખલ તારીખ : ૨૫-૦૨-૨૦૨૬
ફેંસલ  તારીખ: ૨૩-૦૩-૨૦૨૬
અવધિ: વર્ષ – માસ – દિવસ
૦૦ – ૦૦ – ૨૬

---

**ભાવનગરના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું.ભાવનગર.**

---

**પરચુરણ ફોજદારી અરજી નં.૩૮૦/૨૦૨૬**

**આંક :** ૯

**અરજદાર :** **મુકેશભાઈ ઉર્ફે બુધો રૂપાભાઈ વાઘેલા,**
ઉ.વ.૨૫, ધંધો-મજુરી,
રહે. વરતેજ, નારી ચોકડી પાસે,
સવગુણનગર સામે, તા.જી.ભાવનગર.
(હાલ જિલ્લા જેલ-ભાવનગર)

**વિ રૂ દ્ધ**

**સામાવાળા : (૧) શ્રી સરકાર**
**(૨) મધુબેન વા./ઓ. રમેશભાઈ દેવજીભાઈ પરમાર,**
હે. ઘેટીગામ, કંજરડા રોડ ઉપર,
તા.પાલીતાણા, જી.ભાવનગર.

**બાબત : બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

**અરજદાર તરફે : વિ.વ.શ્રી એસ.બી. કાદરી.**
**સામાવાળાઓ તરફે : વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.**
**મૂળ ફરિયાદી તરફે : વિ.વ.શ્રી બી.કે.વાઘેલા.**

**-: ચુ કા દો :-**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૨૨૫૧૦૨૯/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની

કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એફ)(આઈ)(એમ) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૮, ૧૮ મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળાઓને નોટીસ કરતા સામાવાળા નં.૧ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. તેમજ મૂળ ફરિયાદી સામાવાળા નં.ર તેમના વિ.વ.શ્રી બી.કે.વાઘેલા મારફત હાજર થયેલ છે અને આંક–૦૮ થી લેખિત વાંધા રજુ કરેલ છે. તેમજ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.બી. કાદરીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ એવી રજૂઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવી દીધેલ છે. ફરિયાદ ૧૮ દિવસ મોડી કરવામાં આવેલ છે અને તે અંગેનું કોઈ કારણ ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદ મુજબ ભોગ બનનાર પુખ્ત ઉંમરના છે. ફરિયાદ મુજબ ભોગ બનનાર પોતાની જાતે ઘરેથી ગયેલી અને પરત આવેલ નથી. અરજદાર/આરોપી ધ્વારા કોઈ અપહરણ કે અપનયન કરવામાં આવેલ નથી કે ભોગ બનનાર સાથે કોઈ બદકામ કરેલ નથી. અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુન્હાના કોઈ તત્વો જણાઈ આવતા નથી. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી સામેના કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બને તેમ છે. અરજદાર/આરોપી મજુર વર્ગના

માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવારના ભરણપોષણની જવાબદારી છે અને તેમના પરીવારમાં અરજદાર/આરોપી એક માત્ર કમાનાર વ્યકિત છે. અરજદાર/આરોપી કોઈ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. અરજદાર/અરોપી નાની વયના છે. અરજદાર/ આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહીશ છે અને સ્થાવર જંગમ મિલકત ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી અને બાંહેધરી આપે છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી જી.પી.જાડેજા નાઓએ મૂળ ફરિયાદી તરફે રજુ થયેલ આંક–૦૮ ના વાંધાઓ મુજબની રજુઆત હોવાનું જણાવી, વિશેષમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એફ)(આઈ)(એમ) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૮, ૧૮ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. જો અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગ બનનાર તથા તેના પરિવારના સભ્યોને ધાક ધમકી આપે અને સાક્ષી, પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપુરી સંભાવના રહેલી છે. તેમજ નાસી ભાગી જાય તો તપાસ અને ટ્રાયલ વિલંબમાં પડે તેમ છે. તે તમામ સંજોગોમાં, ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની અરજી વંચાણે લીધી. બંન્ને પક્ષો તરફે કરવામાં

આવેલ રજુઆતો ધ્યાને લીધી. ભોગ બનનારે કરેલ રજુઆત પણ ધ્યાને લીધી. ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધુ. આ કામે અરજદાર/આરોપી સામે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૨૨૫૧૦૨૯/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એફ)(આઈ)(એમ) તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૬, ૮, ૧૮ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. વધુમાં, આ કામે ફરિયાદ હકીકત તથા ચાર્જશીટના પેપર્સ તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ આ કામના ભોગ બનનાર ઉ.વ.૧૭ વર્ષ ૮ માસ ૨૫ દિવસનીને તેણી સગીર વયની હોવાનું તથા પોતાની સાળી થતી હોવાનું જાણતા હોવા છતાં, તેને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે બોલાવી, ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ કરેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. તેમજ સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. વધુમાં, હાલની જામીન અરજીના કામે એફ.આઈ.આર.આધારિત દલીલ કરી, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે અરજદાર/આરોપીએ કોઈ ગુન્હો કરેલ નહીં હોવાની અને ખોટી રીતે આવા ગંભીર ગુન્હામાં સંડોવેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, તે પુરાવાનો વિષય હોય, હાલની જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઈ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. તેમજ આ કામે મુળ ફરિયાદી તરફે પણ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે આંક-૦૮ થી લેખિત વાંધા રજુ કરવામાં આવેલ છે. તેમજ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા

અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગ બનનાર તથા તેમના પરિવારના સભ્યોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતાઓ હોવાની કરવામાં આવેલ દલીલ પણ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ જો અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામા આવે અને અરજદાર/આરોપી નાસી ભાગી જાય તો તેઓની સામેની સદર ગુન્હાની ટ્રાયલ વિલંબિત થાય તેમ છે. તેમજ હાલ સમાજમાં દિનપ્રતિદિન આ પ્રકારના બનાવો વધતાં જતાં હોય, આ પ્રકારના ગંભીર ગુન્હામાં જો અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર તેની અવળી અસર પડે તેમ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના ગુન્હાની હકીકત તથા સંજોગો તથા ગુન્હાનું સ્વરુપ અને ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ તથા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભેની વિવેકાધિન સત્તા હાલના તબકકે વાપરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાઈ આવતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

(૧) આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૨૩'મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૨૩/૦૩/૨૦૨૬

**(હેતલ સુરેશચંદ્ર દવે)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik